# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

પક્ષમાં જૂથો ને 'રાષ્ટ્રીય એકતા' ઉજવાય છે!
આથડે પક્ષો, સત્તા માટે, નાટક ભજવાય છે!
લડાવે રાજયો-રાજયો વચ્ચે પ્રજાને મત માટે -
ખાલી ખોટા દંભ-દેખાડે 'એકતા' લજવાય છે!

## હાઇકુ

શ્રી પાંડિયને
કર્યું ઓવરટેક
મોદીની જેમ!

નડ્યું દબાણ
ને શ્રી નંદાને નાખ્યા -
લ્યો! 'ખાતર'માં..

## ચિંતન

**પરિતપ્યત એવ નોત્તમઃ પરિતપ્તાઅપ્ય પરઃ સુ સંવૃતિ ।**
**પરવૃદ્ધિભિરા હિતવ્યથઃ સ્ફૂટ નિર્ભિન્ન દુરાશયો અધમઃ ॥**

'જે સજ્જન અને શ્રેષ્ઠ માણસ છે તે કોઇ પણ પરિસ્થિતિમાં દુખી થતા નથી અને કદાચિત પણ એવી દુખદાયક પરિસ્થિતિ આવી પણ પડે કે ઉભી થાય તો પણ તે પોતાનું દુઃખ ઢાંકી રાખે છે છુપું રાખે છે અર્થાત વ્યક્ત કરતા નથી કે થવા દેતા નથી. જયારે અધમ-દુર્જન લોકો તો બીજાની વૃદ્ધિ-ચઢતી-પ્રગતિ જોઇ-જોઇને પણ દુઃખી-દુઃખી થઇ જાય છે એટલું જ નહીં એવો તેનો મનોભાવ વ્યક્ત કરતાં પણ અચકાતા નથી અર્થાત એમના વર્તન-હાવભાવમાં એ દુઃખ વ્યક્ત થઇ જ જાય છે.'

આ શ્લોકમાં દુર્જન અને સજ્જન મુશ્કેલ આપત્તિજનક પરિસ્થિતિમાં કેવું-કેવી રીતે મનોસ્થિતિનું અભિવ્યક્તિ કરે છે તે દર્શાવ્યું છે.

દુઃખ-પીડાનાં બધા પાસે રોદળાં રડવાથી કંઇ ઓછાં થતાં નથી. એ આપણાં કર્મની-ભૂલની જ સજા છે. સાંભળનારા પાસે કોઇ જાદૂઇ લાકડી નથી. એ તો દંભી મગરના આંસુ કદાચ પાડે પણ! પછી તો એ પણ મનમાં 'કર્યાં ભોગવે છે' - એમ જ કહેવાના. આથી સજ્જન સમજુ લોકો દર્દ-દુખ જાહેરમાં કહેતા નથી.

જયારે અધમ લોકો બીજાનું સુખ જોઇ દુખી તો થાય છે અને એ પીડા નિંદા દ્વારા વ્યક્ત કર્યા કરે છે.

## સુવિચાર

- ભાષામાં થતું સર્જન, ભાષા વડે થતા સંવાદો આપણને 'સ્વ'થી દૂર લઇ જાય છે, ને વળી 'સ્વ'માં પાછા પણ લાવે છે આ પ્રક્રિયા દ્વારા પરસ્પરની સમજણ વધે છે અને આપણામાં શાણપણ આવે છે - ડો. કુમારપાળ દેસાઇ
- હું લખું છું મને સમજવા તમને સમજવા!! મારે લખીને ભાષાને પણ સમજવી હોય છે, લખવાની જીવનની સમસ્યાઓની મોઢામોઢ થવાય છે, જાણે એક પ્રકારનો મનને ગમતો મુકાબતો પ્રારંભાય છે - એસ. ભટ્ટાચાર્ય
- પરોપકાર સંતોનો સહજ સ્વભાવ હોય છે, વૃક્ષની જેમ તેનાં પાંદડા, ફળ, ફૂલ, છાલ થડ અને મૂળ એ બધા જ ઉપકાર કરે છે - ડોંગરેજી
- માણસ જો લાલચ ને ઠોકર મારી દે તો બાદશાહની જેમ ઊંચું પદ મેળવી શકે કારણ કે સંતોષ જ માણસનું મસ્તક ઊંચું રાખી શકે છે - કાન્તિ ભટ્ટ
- સમય આવ્યા વગર વજપાત થાય તો પણ મૃત્યુ નથી થતુ અને સમય આવી જતા પુષ્પ પણ પ્રાણ લઇ શકે છે - અરબી કહેવત
- દુઃખી સુખની ઇચ્છા કરે છે, સુખી વધુ સુખની ઇચ્છા રાખે છે, વાસ્તવમાં દુઃખના પ્રતિ ઉપેક્ષાભાવ રાખવો તે જ સુખ છે - રામકૃષ્ણ પરમહંસ
- નિષ્ફળતાની ઇમારત બહાનાના પાયા પર રચાતી હોય છે - જ્ઞાનસૂત્ર

- (સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

આપણે ભક્તિ-પ્રાર્થના-પૂજા-પાઠ કરીએ છીએ પણ સાક્ષાત્કાર થતા નથા. કારણ કે આપણને આપણી ભક્તિ અને ઇશ્વરમાં જ પૂર્ણશ્રદ્ધા-વિશ્વાસ નથી. જયારે સંપૂર્ણ સમર્પણ થાય ત્યારે જ 'દિવ્યજ્ઞાન' 'પરમશાંતિ' પ્રાપ્ત થાય.

પ્રો. સ્વામી રામતીર્થ ને જાપાનથી વ્યાખ્યાન આપવા માટે આમંત્રણ મળ્યું. વિષય હતો 'પ્રભુમાં પૂર્ણ શ્રદ્ધા' વિવિધ દાખલા-પ્રસંગો-સ્વાનુભવોથી દલીલો દ્વારા 'પ્રભુમાં પૂર્ણ શ્રદ્ધા' રાખવાથી જ જીવનના કપરા સંજોગો - કસોટીઓમાં ઇશ્વર સાક્ષાત સહાયભૂત થાય છે એ સ્થાપિત કરવા ઉત્તમ રીતે પ્રયત્નો કર્યા. હોલ સંપૂર્ણ ભરેલો હતો. બધા ધ્યાનપૂર્વક સાંભળતા હતા.

.. ત્યાં ધરતીકંપ થઇ. બધા દરવાજેથી શ્રોતાઓ બહાર દોડી ગયા. સ્વામી રામતીર્થ પોતાને જ સ્થાને ઊભા રહ્યા.

થોડી ક્ષણો પછી પાછા બધા પોતાને આવી શિસ્તબદ્ધ બેસી ગયા. (જાપાનમાં આવું થવું સ્વાભાવિક હતું)

વ્યાખ્યાન પછી કોઇ શ્રોતાએ સ્વામીજીને પુછ્યું આપ જરા પણ ડગ્યા વિના અહીં કેમ ઉભા રહ્યાં? હું 'સંપૂર્ણશ્રદ્ધા' પર બોલતો હતો. મને ઇશ્વર પર પૂર્ણશ્રદ્ધા છે હું દોડ્યો પણ અંતરમાં-ઇશ્વરને પ્રાર્થના કરી તું જ તારણહાર રક્ષક છો, મને તારા પર વિશ્વાસ છે મને જીવાડવો કે મારવો એ તારે વિચારવાનું છે..'

Email - sureshchandrabhatt18@gmail.com


# ગ્રંથાલયમાં વાચકને શોધતા હાસ્ય સાહિત્યના લેખકનું જડી આવેલું પુસ્તક

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

હાસ્યરસ રોજબરોજની જીવનની Monotonous રફતાર, તાણ (tention), ચિંતા, વિષાદ કે વેદનાને હળવા કરી દે છે. ફ્રેન્ક એ કલાર્ક આ સંદર્ભમાં કંઇક એવું કહે છે કે 'I Think the next best thing to solving a problem is finding some humour on it.' હળવી શૈલીના લેખોનું પુસ્તક એક મિત્રની ગરજ સારે છે. આજકાલ દરેક અખબારમાં કે સામાયિકમાં હાસ્યલેખો અનિવાર્ય થઇ પડ્યા હોય તે હદે આવતા થયા છે. અને તેથી હાસ્ય સાહિત્યના લેખકો ને પણ મોકળું મેદાન મળી ગયું છે. પરંતુ તેમાં ગુણવત્તાસભર કંઇક હોય તો જ પુસ્તક રૂપે આવે ત્યારે વાચકને આકર્ષી શકે છે. બાકી તો ગેટે એ એક જગ્યાએ લખ્યું છે કે To a man of understanding, every thing is laughabe' ઊંડી સમજવાળા માણસ માટે દરેક વસ્તુ હાસ્યજનક છે. તેથી જયાંને ત્યાં તેને હાસ્ય-વિનોદની સૂક્ષ્મતી સૂક્ષ્મ છાયા દેખાયા કરે છે. બર્નાડ શો કહે છે કે 'જેનામાં હાસ્યેન્દ્રિયનો અભાવ હોય એ જ હાસ્યવૃત્તિનું પૃથ્થકરણ હરવા બેસે આપણે તો બસ હાસ્ય સાહિત્યની છૂક છૂક ગાડીમાં યાત્રાળુ બની આગળ વધવાનું છે.

હાં, આજે મારે તમને હાસ્યસાહિત્યના એક સરસ પુસ્તકની વાત કરવી છે. 'વાંચક કયાંક નથી ગ્રંથાલયમાં' પુસ્તકમાંથી પસાર થતાં આપણને કુલ-30 જેટલા લેખો મળે છે. આ પુસ્તકને જાણીતા હાસ્યસાહિત્યકાર રતિલાલ બોરીસાગર 'ભલે પધાર્યા' શિર્ષકથી પ્રસ્તાવના દ્વારા લેખકના હાસ્ય નિબંધોને આવકારે છે અને તેના વિષે લખે છે કે 'આ પુસ્તકમાં Humour અને wit નું પ્રાધાન્ય છે અને નિર્દશ કટાક્ષની શક્તિ પણ છે. વળી હાસ્ય નિષ્પતિનાં ઓજારો લેખકને હાથવગાં છે. આ ઓજારોનો વિવેકપૂર્વક ઉપયોગ લેખકે કરી જાણ્યો છે. બોરી સાગરજી સાચું જ કહે છે કે 'તર્કચ્છલ' અથવા 'આભાસી તર્ક' હાસ્યલેખનની જાણીતી પ્રયુક્તિ છે. આ પ્રયુક્તિ બૌદ્ધિક હાસ્ય નિષ્પન્ન કરવા માટે ખૂબ અસરકારક નીવડે છે. પણ તેનો ઉપયોગ કરવાનું એટલું સહેલું નથી. આ માટે તર્ક શક્તિ ઉપરાંત બહુશ્રુતતાનો પણ ખપ પડે છે. વળી બહુશ્રુતતાને કારણે જે દલીલો લેખકને સૂઝે એ દલીલોને મૂળ વાત સાથે બંધબેસતી કરવાની આવડતની પણ લેખક પાસે અપેક્ષા રહે છે. આ પુસ્તકના લેખક એવા આભાસીતર્ક અને અવળતર્કનો સચોટ ઉપયોગ કરવાની કળા પણ લેખકને સહજ સિદ્ધ છે. આવાં દૃષ્ટાંતો નિબંધને રસાળ બનાવવામાં ઘણાં ઉપકારક નીવડે છે.




અત્યુક્તિનું ઓજાર હાસ્ય નિષ્પન્ન કરવામાં ખૂબ સહાયરૂપ નીવડે છે. પણ આ ઓજાર બેધારી તલવાર જેવું છે. જો કે લેખકે અત્યુક્તિના આ ઓજારનો સફળ અને સૂઝપૂર્વકનો ઉપયોગ કર્યાની પ્રતિતી આ સંગ્રહનાં લેખો કરાવે છે.

પુસ્તકના લેખોને જોતાં શીર્ષક ભલે 'વાચક કયાંક નથી ગ્રંથાલયમાં' આપ્યું હોય પણ લેખકે જીવનનો સારો એવો સમય ગ્રંથાલયમાં ગાળ્યો હોય એવું લાગે છે. એમના વિશાળ વાંચનને કારણે કેટલાંય અવતરણો એમને સુઝી આવ્યાં છે. આ અવતરણો હાસ્ય નિષ્પન્ન કરવામાં ઉપયોગી નીવડ્યા છે. તેમણે રચેલા હાસ્યરસિક સંવાદો પણ હાસ્ય નિષ્પન્ન કરવામાં યથાયોગ્ય ભૂમિકા ભજવે છે.

'વાચક કયાંક નથી ગ્રંથાલયમાં' પુસ્તકના લેખકે 'આજની ઘડી રળિયામણી' શિર્ષકથી લેખક અંગેનો પોતાનો પ્રતિભાવ વ્યક્ત કર્યો છે. સામાન્ય રીતે હાસ્યકાર/વ્યંગકાર દ્વારા ઉપયોગમાં લેવાતી સામગ્રીમાં ધર્મપત્ની હોટ ફેવરીટ હોય છે. ત્યારે લેખકે આ પુસ્તક તેમના શ્રીમતીજીને અર્પણ કર્યું છે કારણ કે સલામતી, સુલેહ અને શાંતિ એ ત્રણેય જીવન માટે આવશ્યક છે એ વાત તે જાણી ગયા છે. જો કે તેમના જ મત મુજબ આંખ કાન થોડાં વધુ પ્રમાણમાં ખુલ્લા રાખીએ તો હાસ્ય વ્યંગના રો-મટિરિયલ તરીકે માનવ જાતની ત્રુટિઓ અપૂર્ણતાઓ, પાખંડો, બાઘાઇઓ, એક જ પરિસ્થિતિ માટેની વિવિધ વિચિત્ર-પ્રતિક્રિયાઓ, અતિશયોક્તિઓ તથા જાત જાતની મનોગ્રંથિઓ રસ્તામાં જોવા મળી જાય છે. જેમાંથી લેખ ખુબ સહજ રીતે તૈયાર થઇ જતો હોય છે. તેની પ્રતીતિ લેખના શિર્ષકો જોતા પણ થયા વિના રહેતી નથી. જેમ કે 'ધન્ય છે, પોતાની ફિડનેસ માટે મરી ફીટનારાઓને', 'આળસ પરમોધર્મ', 'ઊંઘ તો નર સદા સુધી', 'મેઇડ ફોર હીટ અધર', 'અસ્થિ ભંગ યોગ અને સાંધાના વાંધા', 'હાઇટેક સૌંદર્ય', 'બેસતા વર્ષે ઊભા થતાં સંકલ્પ-તરંગોની આડ વાત,' 'ફેશનિયો રંગ સૌને લાગ્યો રે લોલ', 'મોર્નિંગ વોક વોટ અજોક', 'ગાર્ડન : પુષ્પપ્રેમીઓની રોમાંચકથા કે હાસ્યકથા?' 'બુફે : વાનગી સાથે વ્યાયામ, ફ્રી' અને 'પ્રવાસ ચડે કે ઘરવાસ'.

'વાંચક કયાંક નથી ગ્રંથાલયમાં' પુસ્તકના લેખક કિશોર અંધારિયા જાણીતા નવલકથાકાર, લઘુનવલકાર અને બાળ સાહિત્યકાર છે. તેમણે આકાશવાણી માટે વાર્તાઓ, હાસ્યનિબંધો, મુલાકતો અને અનેક સાહિત્ય સંપાદિત કાર્યક્રમો ઉપરાંત રેડિયો નાટકોનું પણ લેખન કર્યું છે. રેડિયો નાટ્ય શ્રેણી 'મંગળ-અમંગળ' ઉપરાંત જાણીતા સામયિકો અભિયાન, મુંબઇ સમાચાર, શબ્દસૃષ્ટિ, અખંડ આનંદ, ઉત્સવ, ગુજરાત વિગેરે માટે નવલિકાઓ અને હાસ્યનિબંધો લખતા રહે છે. તેઓ ૧૯ વર્ષની નાની વયથી છેલ્લા ૩૨ વર્ષથી લેખનક્ષેત્રે પ્રવૃત્ત છે. તેમની વિજ્ઞાન કથા 'વલણની અવકાશી સફર' નો ગુજરાતીના પાઠ્ય પુસ્તકમાં સમાવેશ થયેલો છે. અને ગુજરાત સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક પણ મળ્યું છે.

લેખકના અત્યાર સુધીમાં ચાર પુસ્તકો પ્રકાશિત થયાં છે. જેમાં નવલકથા 'હિમખંડ', 'લઘુનવલ', 'મંગળઅમંગળ' વિજ્ઞાનકથા 'વલયની અવકાશી સફર' અને સળંગ વિજ્ઞાનકથા 'ગ્રહ-પરગ્રહ' છે.

હાસ્ય નિબંધોનું તેમનું આ પહેલું જ પુસ્તક છે જે ગૂર્જર સાહિત્યરત્ન કાર્યાલય દ્વારા પ્રગટ કરવામાં આવ્યું છે. ત્યારે હાસ્ય સાહિત્યક્ષેત્રે પદાર્પણ કરવા બદલ આપણે સૌ તેમને આવકારીએ.

**વાચક કયાંક નથી ગ્રંથાલયમાં (૩૦ હાસ્યનિબંધો)**
**લેખક - કિશોર અંધારિયા**
**પ્રકાશક - ગૂર્જર પ્રકાશન, અમદાવાદ**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩, પૃષ્ઠ-૧૯૮, કિંમત - રૂા. ૧૨૫/-**

# શબનમ હાશમીએ લોકોના ઉત્કર્ષ માટે ઝઝૂમવાનું ચાલુ કર્યું તેના લોહીમાં જ સમાજ સેવા અને દેશ સેવા સમાયેલી હતી

## હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

> સ્વ.ભાનુભાઇ શુક્લ ફક્ત પત્રકાર નહોતા, એ લઘુ અખબાર-દુનિયાની એક ઘટના હતા. 'સમય' સાપ્તાહિકને ચોસઠમું વર્ષ ચાલી રહ્યું છે. એકથી એક ચડિયાતા દીપોત્સવી અંકો 'સમય'ની વિશેષતા છે. ભાનુભાઇની ચિરવિદાય પછી પણ એ પરંપરા જળવાઇ રહી છે. ઉત્તમ સર્જનાત્મક કૃતિઓ ઉપરાંત સત્યઘટના આધારિત નિયમિત સાપ્તાહિક કટાર આ સાપ્તાહિકની શોભા બની રહેલ છે.
>
> ચાલુ દીપોત્સવી અંકમાં આવી જ એક વિશિષ્ટ સત્યઘટના પ્રગટ થઇ છે, જે 'ગાંધીનગર સમાચાર'ના સુજ્ઞ વાચકો માટે સાદર -
>
> ● અયના

શબનમ હાશમી ભારતના સુપ્રસિદ્ધ અને જાણીતા નાટ્યકાર અભિનેતા, નિર્દેશક, ગીતકાર, પત્રકાર અને કોમ્યુનિસ્ટ વિચારક સફદર હાશમીની નાની બહેન છે. સફદર હાશમી શેરી નાટકના પ્રણેતા હતા તેમના શેરી નાટકો ખરાબ વ્યવસ્થા ઉપર આકરો પ્રહારો કરનાર સાબિત થયા હતા જેના કારણે જ તેની હત્યા થઈ હતી.

સફદર હાશમીની હત્યા ૧૯૮૯માં નગર નિગમની ચૂંટણી વખતે ગાજીયાબાદના સાહિબાબાદ ગામે શેરી નાટક કરતી વખતે કરવામાં આવી હતી. સફદર હાશમીની હત્યાને નાટ્ય મંચ અને કલાકારોએ ખૂબ જ વખોડી હતી.

આમ જુઓ તો સફદર હાશમી અને શબનમ હાશમીની જિંદગી પણ તેના પિતાના જીવન જેવી ઘણા ઉતાર-ચઢાવવાળી હતી. બંનેના પિતા હનીફ હાશમી મૂળ દિલ્હીના જ હતા. હનીફના પિતાને ફર્નિચરનો મોટો વ્યવસાય હતો. હનીફ હાશમી આઝાદી પહેલાંથી જ વિદ્યાર્થી નેતા હતા. તેમણે ભારતની આઝાદી માટે ખૂબ જ ભાગ ભજવેલો જે માટે બ્રિટીશ સરકારે તેમને ચાર વરસની જેલની હવા પણ ખવડાવી હતી.

ભારત-પાકિસ્તાનના ભાગલાએ તેમના જીવનને વેરવિખેર કરી નાંખ્યું. ભાગલા વખતે અમુક ઝનૂની લોકોએ હનીફ હાશમીના પિતાનો ફર્નિચરનો શોરૂમ સળગાવી દીધો તેમના પરિવાર ઉપર પણ જીવલેણ હુમલા કરવામાં આવ્યા, જેમાં પણ તેમને ઘણી ખુવારી વેઠવી પડી.

આ સંજોગોમાં હનીફ હાશમી અને તેમની પત્ની કમર હાશમીને ઝાકીર હુસેન (કે જેઓ પાછળથી ભારતના રાષ્ટ્રપતિ બન્યા હતા તે ઝાકીર હુસેન) તેમની સાથે અલીગઢ લઈ આવ્યા જયાં હનીફ હાશમીને મુસ્લિમ યુનિવર્સિટીમાં નોકરીએ લગાડી દીધા અને અલીગઢમાં સફદર અને શબનમનો જન્મ થયો હતો.

સફદર અને શબનમ જેમ જે મોટા થતા ગયા તેમ તેમ તેની માતા કમર હાશમીને તેમના અભ્યાસની ચિંતા થવા લાગી. આથી તેમણે હનીફ હાશમીને રાજી કરી દિલ્હી ભણી રવાના કરવાનું નક્કી કર્યું.

૧૯૬૪માં કમર હાશમીએ દિલ્હીની એક સ્કૂલમાં આચાર્યાની નોકરી શોધી લીધી જયારે હનીફ હાશમીએ એક ન્યૂઝ પેપરમાં સંપાદકની નોકરી મેળવી લીધી. અને બંને સંતાનોને સારૂ ભણતર મળે તે માટેના પ્રયાસો શરૂ કરી દીધા.

પણ માત્ર ત્રણ વર્ષમાં એટલે ૧૯૬૭માં હનીફ હાશમીનું કેન્સરની ટૂંકી બિમારીમાં મૃત્યુ થયું. કમર હાશમી માટે હવે બંને સંતાનોને ભણાવવા માટેનું અઘરૂં થઈ ગયું હતું. તેમ છતાં તેમણે જીવનની કઠિનાઈ સામે સંઘર્ષ ચાલુ રાખ્યો.

સફદર અને શબનમ હવે યુવાન થઈ ગયા. બંને સંતાનો પિતાના રંગેરંગાયેલા હતા. સફદર હાશમીએ તો પિતાના લીડરશીપના અને આગેવાનોના શોખને ખૂબ જ જાળવી રાખ્યો. સફદરમાં પણ પિતા હનીફ હાશમી જેવી જ આગેવાની થનગનતી હતી. તે પણ સમાજ માટે કાંઈક કરી છૂટવા તૈયાર રહેતા.

બંને બાપ-દીકરાના જંગ વચ્ચે ફરક એટલો હતો કે હનીફ હાશમીને ખબર હતી કે તેમનો દુશ્મન અંગ્રેજ હતો જયારે જયારે સમય બદલાયો હતો સફદર માટે તેનો દુશ્મન તેના પોતાનામાંનો જ એક હતો. જેની સામે લડવું ખરાબ વ્યવસ્થાને સાચી રાહ દેખાડવા ૧૯૮૯માં મોતને શરણે થયો.

શબનમ પણ હનીફનું જ લોહી હતી. એટલે તે આમાંથી કેવી રીતના બચી શક્વાની હતી. ૧૯૮૧માં શબનમ હાશમી ૨૪ વરસની હતી. તે વખતે તેને યુ.એસ.આર. (સોવિયેટ સંઘ) સરકાર દ્વારા 'કલચરલ એક્સચેંજ' ના અભ્યાસ માટે યુ.એસ.આર.ની એક યુનિવર્સિટીમાં ૬ વરસની સ્કોલરશિપ મળી!

શબનમ ભણવા માટે થઈ યુ.એસ.આર. જતી હતી. જયારે જયારે યુનિવર્સિટીમાં રજા હોય ત્યારે શબનમ અચૂક ભારત આવી જતી અને તે આ ખાલી સમયમાં બેસી નહોતી રહેતી. તે દિલ્હીમાં આવી અહીંની મુસ્લિમ વિસ્તારોમાં જઈ મુસ્લિમ મહિલાઓને શિક્ષણ આપવા લાગી. જયારે જયારે દિલ્હી આવીને આ કામ કરતી ત્યારે ત્યારે તેને આ કામમાં ખૂબ જ આત્મસંતોષ થતો તેને હવે ભણવા કરતા આવી મહિલાઓને ભણાવીને આગળ લાવવામાં વધુ રસ જાગવા લાગ્યો.

વેકેશનના આ સમયગાળા દરમિયાન શબનમની મુલાકાત ગોહર રઝા સાથે થઈ તેમણે ૧૯૮૫માં લગ્ન કરી લીધા. હવે શબનમે સોવિયેત સંઘ જવાનું માંડી વાળ્યું અને બાપની અને ભાઈની જેમ તેણે પોતાની જાતને સમાજ સેવામાં ઝીકી દીધી. ગૌહર રઝા પણ 'નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સ ટેકનોલોજી એન્ડ ડેવલપમેન્ટ સ્ટડીઝ'માં વૈજ્ઞાનિક હતા. શબનમ માટે હવે જીવન સુખરૂપ ચાલતું હતું.

શબનમ હાશમીએ લોકોના ઉત્કર્ષ માટે ઝઝૂમવાનું ચાલુ કર્યું. તેણે અલ્પસંખ્યકની મહિલાઓ માટે એક સંસ્થા શરૂ કરી. જેનું નામ તેમણે 'અનહદ' (એક્ટ નાવ ફોર હારમની એન્ડ ડેમોક્રસી) શબનમના લોહીમાં જ સમાજ સેવા અને દેશ સેવા સમાયેલી હતી.

**(ક્રમશઃ)**

# ગરીબી ઉન્મૂલન ખ્યાલને સમજવા માટે પ્રથમ આપણે ગરીબાઇના સંદર્ભમાં ગરીબી રેખાના સંદર્ભમાં કેટલીય પાયાની બાબતો જાણવી જરૂરી છે

## મહિલા સમાજ અને કાયદો

### અંક-૬૬

ડો. ભાવના કે. જોષીપુરા

આપણે મહિલા સશકિતકરણના સંદર્ભમાં ચર્ચા કરી રહયા છીએ. એક વિશ્વ વિખ્યાત લેખકનું વાકય વર્ષો પહેલા વાંચેલું. જે આજે પણ યાદ છે અને તે વાકયની સાર્થકતા અનુભવાય છે. યાદ રાખ મિત્ર જરૂર ઉગશે અહીં સોનાનો સૂરજ. આજે આપણે નવા વર્ષનો એક ઉમંગ અને ઉત્સાહ અનુભવી રહયા છીએ અને સાથે સાથે મહિલા સશકિતકરણના સંદર્ભમાં સામાજિક કક્ષાએ, રાજકીય રીતે અને આર્થિક સંદર્ભમાં પણ મહિલાઓ પોતાની સ્વકુશળતા અને આત્મ પ્રેરણાથી આગળ વધી રહી છે.

ગત અંકમાં આપણે મહિલા સશકિતકરણના સંદર્ભમાં ગરીબી ઉન્મુલનનો ખ્યાલ એ બાબતે સામાન્ય વ્યાખ્યા જોઈ. આમ જોઈએ તો લગભગ ૯૧ ટકા અસંગઠિત શ્રમિકોની સંખ્યા છે અને તે પૈકી ૫૦ ટકા અસંગઠિત મહિલા શ્રમિકો છે. આમ, એક કુટુંબને ચલાવવા માટે પૂરત રોજીરોટીના સંદર્ભમાં મહિલાઓનો ખૂબ મોટો ફાળો છે. ગરીબી ઉન્મુલનન ખ્યાલને સમજવા માટે પ્રથમ આપણે ગરીબાઈના સંદર્ભમાં, ગરીબી રેખાના સંદર્ભમાં કેટલીક પાયાની બાબતો જાણવી જરૂરી છે.

ગરીબાઈના સંદર્ભમાં જોઈએ તો વૈશ્વિક દ્રષ્ટિકોણથી ત્રીજા વિશ્વમાં વ્યાપક પાયે ગરીબીની સ્થિતિ જોવા મળે છે. આપણાં દેશના સંદર્ભમાં જોઈએ તો, સાતમા નાણાંપંતના અંદાજ પ્રમાણે ૧૯૭૦ માં ગરીબી રેખા નીચે જીવતા લોકોનું પ્રમાણ ૨૭૭ મીલીયન હતુ. તે પૈકીના ૨૨૫ મીલીયન લોકો ગ્રામીણ વિસ્તારના હતા અને ૫૨ મીલીયન લોકો શહેરી વિસ્તારના હતા. શ્રી વી.એમ.દાંડેકરના મતે ૧૯૮૩-૮૪ માં ૨૮૬ મીલીયન લોકો (૪૪.૪ ટકા) ગરીબી રેખા નીચે જીવતા લોકોનું પ્રમાણ ૧૯૭૦ માં ૫૨.૪ ટકા હતું તે ૧૯૮૩ માં ૪૨.૫ ટકા થયું અને ૧૯૮૮ માં ૩૯.૬ ટકા થયું. બી.એસ.મીનહાસ, એલ.આર. જૈન અને એસ. ડી. તેંડુંલકર પોતાના અભ્યાસમાં દર્શાવે છે કે ૧૯૮૭-૮૮માં અખિલ ભારતીય કક્ષાએ ગરીબીનું પૂમાણ ૪૪.૮ ટકા ગ્રામીણક્ષેત્રમાં અને શહેરી ભારતમાં ૩૬.૫ ટકા હતું. આયોજનપંચના નિષ્ણાંતોના જૂથ(૧૯૯૩)ના અંદાજ મુજબ ૧૯૭૪-૭૪ માં ગ્રામીણ ગરીબીનું જે પ્રમાણ ૫૬.૪ ટકા હતું તે ૧૯૮૭-૮૮ માં ઘટીને ૩૯.૧ ટકા થયું તેની સામે શહેરી ગરીબીનું પ્રમાણ ૧૯૭૩-૭૪માં ૪૯.૨ ટકા થયું હતું તે ૧૯૮૭-૮૮માં ૪૦.૧ ટકા થયું. સમગ્ર રીતે જણાવીએ તો આ રીતે ગરીબીનું પ્રમાણ ૧૯૭૩-૭૪ માં ૫૪.૯ ટકા હતું તે ૧૯૮૭-૮૮ માં ઘટીને ૩૯.૩ ટકા થયું.

અર્થશાસ્ત્રીઓમાં કાર્યપધ્ધતિમાં તફાવત હોઈ શકે અને તેની તેના ગરીબી અંગેના અંદાજોમાં ભીન્નતા હોઈ શકે પરંતુ સર્વસ્વીકૃત બાબતનો નીચે જણાવ્યા મુજબની છે.

૧. ઉચા વૃધ્ધિ દરના પરોક્ષ લાભને કારણે અને ગરીબી નિવારણના કાર્યક્રમોની પ્રત્યક્ષ અસરને કારણે ગરીબી રેખા નીચે જીવતા લોકોનું ટકાવારી પ્રમાણ ઘટી રહયું છે છતાં લાકડાવાલા નિષ્ણાંત જૂથના અંદાજો મુજબ ગરીબીની રેખા નીચે જીવતા લોકોનું પ્રમાણ ૩૬ ટકા છે, જે અંદાજ મુજબ વધુ પડતો ઉંચો છે.

૨. છેલ્લા કેટલાક વર્ષો દરમ્યાન ગરીબોના કુલ પ્રમાણમાં ચોકકસ પૂમાણે વધારો થયો છે. મોટાભાગના ગરીબો ગ્રામીણ વિસ્તારમાં રહે છે કે જયાં ઓછી ઉત્પાદકતા અને ઓછી રોજગારી હોય છે. શહેરી વિસ્તારોમાં ગરીબીની સમસ્યા ગ્રામીણ ગરીબીમાં થયેલો વધારો છે.

ઉપરોકત બાબત જોતા એવું લાગે છે કે, જે ૭૨ ટકા સામાજિક ક્ષેત્રનું છે એટલે કે ગરીબી, નીચલો મધ્યમ વર્ગ અને ઉપલો મધ્યમ વર્ગ તેનો આ ૭૨ ટકામાં સમાવેશ થાય છે. આ ૭૨ ટકા પૈકી આશરે ૪૦ ટકા ગરીબીની રેખા નીચે જીવતા લોકો છે. જેની બી.પી.એલ. એટલે કે Below Poverty Line કહેવામાં આવે છે. આગળ જોયું તેમ કુટુંબ વ્યવસ્થા, ઘર વ્યવસ્થા વગેરે તમામની જવાબદારી એ સ્ત્રીઓની છે. જયારે પતિ ઘરમાં કમાઈને આપે નહી તો એ ઘર ચલાવનાર સ્ત્રી ઘરમાં રસોઈ કેવી રીતે બનાવે ? ઘરમાં તેલ કે અનાજના પૈસા ન હોય તેના કારણે રસોઈ ન બને તેવા કદાચ અનેક કુટુંબો હશે. પતિ નોકરીએ જતો હોય તો પણ કારખાનામાં અને છુટક મજૂરીમાંથી માસીક આવક એક કુટુંબ જીવનનિર્વાહ કરી શકે તેટલી પુરતા પ્રમાણમાં થતી નથી. આંકડાની દ્રષ્ટિએ જોઈએ તો માસીક રૂપિયા બે થી પાંચ હજાર કમાનાર અનેક પુરુષ સભ્ય છે. આ પ્રકારનાં કુટુંબમાં સ્ત્રીઓને જો કોઈ હથોટી પ્રાપ્ત હોય એટલે કે હાથ હુન્નર હોય અથવા તે માટેનું પૂશિક્ષણ આપવામાં આવે તો આવી ઓછી આવક વાળા કુટુંબને પુરક રોજીરોટી તેમાંથી મળી શકે છે. અનુભવે એવુ લાગ્યું છે કે પરિણિત સ્ત્રી એ તેના પતિને મદદરૂપ થવા હંમેશા તૈયાર હોય છે. તેમાં પણ પૂરક રોજીરોટી માટે તેની તત્પરતા વિશેષ હોય છે. સ્ત્રી તેના બાળકને ભૂખ્યા જોઈ શકતી નથી. તે સ્થિતિમાં તેણી મકકમ પણે કામ કરવા તૈયાર હોય છે. એટલે એવું લાગે છે કે ખાસ કરીને શહેરી ગરીબીના પરિણામે સામાજિક માળખા પર અસર પડી છે અને તેની કુટુંબજીવન ઉપર પણ અસર જોવા મળે છે. ખાસ કરીને સમાજશાસ્ત્રીઓનો પણ એવું તારણ છે કે મોટા ભાગના સામાજિક, કૌટુંબિક સમસ્યાનું કારણ એ આર્થિક મુશ્કેલી છે. ગરીબીના પરીણામે,

આ ઉપરાંત જોવા જઈએ તો ગરીબીના પરિણામે નીચે મુજબની કેટલીક સમસ્યાઓ ઉપસ્થિત થયેલી છે.

- આરોગ્ય વિષયક અસરો જેમાં પૂરતા પ્રમાણમાં માતા અને બાળકને આરોગ્ય વિષયક સુવિધાઓ મળતી નથી.
- નિરક્ષરતા કૌટુંબિક આર્થિક મુશ્કેલીના પરિણામે આ પરિવારના બાળકો કાં તો શાળાએ જઈ શકતા નથી અથવા તો અધૂરા ભણતરે શાળામાંથી નિકળી જાય છે.
- સામાજિક બદીઓ જેમકે વૈશ્યાવૃતિ, મધપાન, અનૈતિક વ્યવહારો જેવી સમસ્યાઓ પણ ઉભી થાય છે.
- ગરીબાઈના પરિણામ સ્વરૂપ આ પરિવારો દેવાના ડુંગર તળે દબાયેલા રહે છે અને વ્યાજના વિષચક્રમાંથી ઉચા આવતા નથી.
- ટૂંકા ગાળામાં કમાઈ લેવાની મનોવૃતિના પરિણામે લોટરી, જુગાર, જેવા દૂષણો જોવા મળે છે.
- ખૂબ જ ઓછા દરે મહિલાઓ કામે જાય છે અને કામ મેળવવાની મજબુરીમાં કયારેક શોષણનો ભોગ બને છે અને સાથોસાથ બાળ મજૂરીનું પણ પ્રમાણ જોવા મળે છે.

ગરીબી નિવારણ માટેની યોજનાઓ અને સાંપૂત સમયમાં રાષ્ટ્રીય કક્ષાએથી થઈ રહેલા પ્રયત્નો તેમજ ગરબી ઉન્મુલનના ખ્યાલ વિશે મળીએ આવતા અંકે.